**સાતમું પગાર પંચ**
**અગત્યનું /સમયમર્યાદા**

**સાતમાં કેન્દ્રીય પગાર પંચની ભલામણના આધારે રાજયની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક અધિકારી/ કર્મચારીઓના પગાર-ધોરણની સુધારણા બાબત.**

# પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કોલેજ અને પોલીટેકનીકના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે **સાતમાં પગાર પંચની I.C.A.R** ની ભલામણો મુજબ કૃષિ યુનિવર્સિટીઓના **શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓ/કર્મચારીઓ**ના પગાર સુધારણા બાબતે નામ. સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગર ખાતે દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે. ઉકત સૂચનાઓને ધ્યાનમાં લઈ આ સાથે સામેલ પત્રકમાં **(SAU8.1 & SAU8.2)** જણાવ્યા મુજબની માહિતી **નીચે મુજબની વિગતોને ધ્યાનમાં લઈને** અત્રેની કચેરીને **દિન- ૦૭** માં મળી જાય તે રીતે **રૂબરૂમાં હાર્ડકોપી તેમજ સોફ્ટ કોપીમાં (શ્રુતિ ફોન્ટ) MS Excel** માં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

૧ દરખાસ્તનું બિડાણ પત્રકમાં **(SAU8.1 & SAU8.2)** નિયત કર્યા પ્રમાણેની માહિતી આપવાની રહેશે.

૨. ઉકત દરખાસ્તમાં **SAU8.2** પત્રકમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ લાભ મેળવેલ હોય તેવા તમામ કર્મચારીઓની **CAS** મંજુરીના હુકમની નકલ સામેલ રાખવી.

૩ છઠ્ઠા પગાર પંચની અમલવારી બાદથી પગાર સુધારણાની તારીખના રોજ સુધીની **એબેયન્સ, રદ થયેલ** જગ્યાઓની વિગતો તેમજ તેના મંજુરી/હુકમ /ઠરાવોની નકલો રજુ કરવા વિનંતી.

૪ ઉકત દરખાસ્તમાં **SAU8.1** દર્શાવ્યા મુજબ પગાર ભથ્થાની વિગતો દર્શાવી આધારો સામેલ રાખવાના રહેશે તેમજ આ સિવાયના કોઈ પણ અન્ય આધાર હોય તો તે સામેલ રાખવાના રહેશે.

૫ ઉકત દરખાસ્તમાં **(SAU8.1 & SAU8.2)** નિયત કરેલ પત્રક **MS Excel શ્રુતિ ફોન્ટ** માં તૈયાર કરવાનું રહેશે.

૬ કોઈ પણ સંજોગોમાં નિયત કરેલ પત્રકમાં આપની કચેરીએથી ફેરફાર કરવો નહી. તેમજ **MS Excelમાં કોઈ સેલ મર્જ કરવો નહી તેમજ** નિયત કરેલ નમૂનામાં જ માહિતી ખૂબ જ ઝીણવટ ભર્યો અભ્યાસ કરી કાળજી પૂર્વક માહિતી ભરી અત્રે મોકલવાની રહેશે.

**કુલસચિવ**

જા.નં. નકૃયુ/રજી/એડીએમ.૧.૧ /૭૭૧૮-૬૭/૨૦૧૮
નવસારી તા. ૭.૮.૨૦૧૮

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ સારુ.**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજો/પોલીટેકનીકના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ
(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ